રાજય કક્ષાની મહિલા સુરક્ષા
સમિતિની કામગીરી બાબત

ગુજરાત સરકાર
ગૃહ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર,
ઠરાવ ક્રમાંકઃમહસ/૨૯૨૦૧૪/૯૮૪/ક
તારીખઃ-૩૦/૦૧/૨૦૧૪

ઠરાવઃ-

ગૃહ વિભાગના તા.૬/૩/૧૯૯૧ના ઠરાવ ક્રમાંકઃપરચ/૨૯૯૦/૧૮૬૪/ન થી રાજય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિનું બંધારણ નક્કી કરવામાં આવેલ છે. તેમજ ગૃહ વિભાગના તા.૯/૧૨/૨૦૧૩ ના ઠરાવ ક્રમાંકઃ મહસ/૨૯૨૦૧૩/૯૦૦/ક થી રાજય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે. રાજય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિની કામગીરી નક્કી કરવાની બાબત વિચારણા હેઠળ હતી. આ બાબતે કાળજીપુર્વકની વિચારણાને અંતે રાજય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિની કામગીરી આથી નીચે મુજબ નક્કી કરવામાં આવે છે -

(૧) ભારત સરકારના ઘરેલુ હિંસાથી મહિલાને રક્ષણ-૨૦૦૫ ના કાયદાના અમલીકરણ બાબતે મહિલાઓને તેઓના અધિકાર અંગે વાકેફ કરવા સમિતિએ અસરકારક ભૂમિકા ભજવવાની રહેશે.

(૨) સેક્સયુઅલ હેરેસમેન્ટ ઓફ વુમન ( પ્રીવેન્સન/પ્રોહીબીશન એન્ડ રીડ્રેસલ ) ૨૦૧૩ ના કાયદા તથા તેને અનુલક્ષીને ફોજદારી કાર્યરીતી અધિનીયમ અને ભારતીય પુરાવાના કાયદામાં પણ થયેલ ફેરફારો સંબંધે મહિલાઓને વાકેફ કરવા સમિતિએ અસરકારક ભૂમિકા ભજવવાની રહેશે.

(૩) મહિલાઓ ઉપર થતા અત્યાચારો રોકવા માટે તથા મહિલાઓમાં જાગૃતિ લાવવા માટે સમિતિ દ્વારા સંમેલનો, શિબિરો, તાલીમવર્ગો, સ્વરક્ષણ માટેના તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

(૪) સ્ત્રીભૃણ હત્યા ના થાય તે માટે નો કાયદો અસ્તિત્વમાં હોઇ તેની જોગવાઓથી વાકેફ થઇ અને મહિલાઓમાં આ બાબતે જાગૃતિ લાવવા જરૂરી કાર્યક્રમોનું આયોજન કરવાનું રહેશે.

(૫) શહેર/જિલ્લા મહિલા સુરક્ષા સમિતિની બેઠક યોજવામાં આવે ત્યારે રાજય મહિલા સુરક્ષા સમિતિ ના ઉપાધ્યક્ષશ્રી તથા સંબંધિત શહેર/જિલ્લા ના વતની હોય તેવા સભ્યએ તે શહેર/જિલ્લા સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહેવાનું રહેશે.

(૬) ભારત સરકાર તથા રાજય સરકાર ની મહિલાઓ તથા બાળકલ્યાણ અંગે તથા સુરક્ષા સંબંધિ જુદી જુદી નીતીઓ તથા કાયદાઓની વિગતો મેળવી તથા અધ્યતન ફેરફારોથી માહિતગાર થઇ સમિતિએ અસરકારક પ્રચાર અને પ્રસાર થી સમાજમાં જાગૃતિ લાવવા પ્રયત્નો કરવાના રહેશે.

(૭) મહિલાઓના પ્રશ્નો અને મહિલાઓ સબંધિત કાયદાઓ બાબતે ધોરણ ૧૦ થી ઉપરના શાળા/કોલેજના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ માટે સામાજીક જવાબદારીના અભિગમના સશક્તિકરણ માટેના કેમ્પનું આયોજન કરી યુવાન/યુવતિઓને જાણકારી આપવાની તેમજ દરેક શાળા/કોલેજમાં પ્રતિનિધિ મારફત વખતોવખત પ્રતિભાવ મેળવવા સંબંધી કામગીરી કરવાની રહેશે.

(૮) શહેર/જિલ્લાના મહિલા વકીલો સાથે મહિલા સુરક્ષાના પ્રશ્નો અને પ્રવર્તમાન કાયદાઓ તથા ન્યાયપાલીકાની કાર્યરીતી સંબંધિ કામગીરી બાબતે પરિસંવાદ યોજવાની કામગીરી કરવાની રહેશે.

(૯) રાજ્ય સરકારની તથા અન્ય વ્યવસાયિક કચેરીઓમાં મહિલા કર્મચારીઓ સાથે પરિસંવાદ રાખી નામ. સુપ્રિમ કોર્ટના બહુચર્ચિત વિશાખા કેસમાં આપેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ મહિલા સુરક્ષા જાગૃતિના કાયદાઓ અંગે પ્રતિભાવ મેળવવા અને સંકલીત સર્વગ્રાહી કામગીરી કરવાની રહેશે.

(૧૦) જેલમાં મહિલા કેદીઓના પ્રશ્નો સમજવા મુલાકાત લેવી

(૧૧) હોસ્પિટલના મહિલા દર્દીઓ/મહિલા વોર્ડમાં દર્દીઓ અને તેમના કુટુંબીજનોને સરકારશ્રીની નીતિ અને યોજનાઓની જાણકારી આપવી અને આ બાબતે તેઓના પ્રતિભાવ મેળવવા સંબંધી કામગીરી કરવાની રહેશે.

(૧૨) રાજ્યના એસ.ટી. સ્ટેન્ડ તેમજ અન્ય જાહેર જગ્યાઓ ખાતે મહિલા ટોઇલેટની વ્યવસ્થા બાબતે ચકાસણી કરી જાહેર સ્વચ્છતા અને સુઘડ વ્યવસ્થા જાળવી શકાય તેવી પરીણામ લક્ષી કામગીરી કરવી.

(૧૩) નારી અપરાધ માટેની ખાસ અદાલતોમાં થતી કાર્યરીતીથી વાકેફ થવું તથા તેની અગાઉથી જાણકારી મેળવી તેમજ રાજયના મહિલા પોલીસ સ્ટેશન, તેના સંપર્ક નંબર ની માહિતી મેળવી પીડીતા/ફરિયાદી મહિલાને પરીણામ લક્ષી યોગ્ય મદદ પુરી પાડવાની કામગીરી કરવાની રહેશે.

(૧૪) જિલ્લા નારી સંરક્ષણગૃહ, બાળ સંરક્ષણગૃહ ની મુલાકાત લઇ તેમા શિક્ષણ વ્યવસ્થા છે કે કેમ તેની જાણકારી મેળવવાની તેમજ બાળકોને દતક લેવાની બાબતે કાયદા છે તેની જાણકારી મેળવવાની તેમજ આશ્રમમા રહેતી દિકરીઓના સામાજીક પ્રશ્નો જેવાકે વ્યાવસાયીક સધ્ધરતા, લગ્ન માટે યોગ્ય પ્રયત્નો કરવા સંબંધિ કામગીરી કરવાની રહેશે.

(૧૫) અંધ, અપંગ, મંદબુધ્ધિની દિકરીઓ ના પ્રશ્નો સંબંધે સહાનુભુતી પુર્વક પ્રશ્નોના નિરાકરણ માટે સકારાત્મક સામાજીક ભૂમિકા માટે પરીણામ લક્ષી સુચનો અને અહેવાલો તૈયાર કરવાની કામગીરી કરવાની રહેશે.

(૧૬) મહિલાઓના પ્રશ્નો સંબંધિ કામગીરી કરતા મહિલા અને બાળ વિકાસ વિભાગ, રાજય મહિલા આયોગ, સમાજ સુરક્ષા ખાતું, જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, અધિક પોલીસ મહાનિદેશક, સી.આઇ.ડી ( ક્રાઇમ એ રેલ્વેઝ ) ના મહિલાસેલ સાથે સંપર્કમાં રહી તેઓની કામગીરીની માહિતી મહિલાઓ સુધી પહોચાડવા જરૂરી પ્રયત્નો કરવાના રહેશે.

(૧૭) રાજય સરકારની અધ્યતન નારી ગૌરવ નીતિ નો અભ્યાસ કરી તેના સુચારૂ અમલ માટે કાર્યવાહી કરવાની રહેશે.

રાજય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિએ વર્ષ દરમ્યાન કરેલ કામગીરી અંગેનો અહેવાલ દર વર્ષે વર્ષ પુરૂ થયા બાદ ત્રણ માસમાં ગૃહ વિભાગમાં રજૂ કરવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કશ્યપ પરીખ)
ઉપસચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,

નામદાર રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી(પત્ર દ્વારા )
માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક અગ્ર સચિવશ્રી
માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી
સર્વેમાન. મંત્રીશ્રી/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીના અંગત સચિવશ્રી
ઉપાધ્યક્ષશ્રી, રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ, બી.બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ
મુખ્ય સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી
અધિક મુખ્ય સચિવશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી
સચિવશ્રી (ગૃહ)ના અંગત મદદનીશ
પોલિસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
અધિક પોલીસ મહાનિદેશકશ્રી, સી.આઈ.ડી, (ક્રાઈમ અને રેલ્વેઝ), ગાંધીનગર –
સભ્ય સચિવશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી(મહિલા સેલ) અધિક પોલીસ મહાનિદેશક ,સી.આઈડી.(ક્રાઈમ અને રેલ્વે)ની કચેરી,પોલીસ ભવન,ગાંધીનગર -
ગૃહ વિભાગના હેઠળના તમામ ખાતાના વડા
અધિક્ષકશ્રી, રાજ્ય મહિલા સુરક્ષા સમિતિ, બી.બ્લોક, બહુમાળી મકાન, લાલ દરવાજા, અમદાવાદ –
સમિતિના સભ્યશ્રી ઓને ઠરાવની વિગતોથી વાકેફ કરવાની વિનંતી સાથે
અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ,ગાંધીનગર
સચિવાલયના સર્વે વિભાગો
સર્વે પોલિસ મહાનિરીક્ષકશ્રીઓ
સર્વે પોલિસ કમિશ્નરશ્રીઓ
સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રી (વેસ્ટર્ન રેલ્વે સહિત)
ગૃહ વિભાગની સર્વે શાખાઓ
આઈ.ટી.શાખા ,ગૃહ વિભાગ ,સચિવાલય ,ગાંધીનગર
-ઠરાવ વિભાગની વેબસાઈટ ઉપર અપલોડ કરવાની વિનંતી સાથે
શાખા સિલેકટ ફાઈલ
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઈલ.